# <u>સ્વામિનારાયણ નામ રટી લે</u>

સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...
પ્રગટ હરિ કરે સાદ સૌને,
ચાલ જીવ હવે હરિ ભજી લે,
સ્વામિનારાયણ નામ રટી લે...
ગુરુહરિ કરે ભજન દિનરાત,
ચાલ જીવ હવે હરિ ભજી લે,
સ્વામિનારાયણ નામ રટી લે...

અનુપમ બાગે ભૂમિ સ્થલમાં, વાટે ઘાટે ને મંદિરમાં,
આંબાડાળે હરે વૃક્ષોમાં, પંખીઓના મીઠા સ્વરમાં,
સ્વામિનારાયણ અખંડ જપી લે,
ચાલ જીવ હવે હરિ ભજી લે,
સ્વામિનારાયણ નામ રટી લે...

સંતો-મુકતોના મધુર સ્વરમાં, સર્વે જગના કણેકણમાં,
હરતાં ફરતાં રમતાં જમતાં, સઘળી ક્રિયા કરતાં કરતાં,
સ્વામિનારાયણ અખંડ જપી લે,
ચાલ જીવ હવે હરિ ભજી લે,
સ્વામિનારાયણ નામ રટી લે...

-----------------------------------------------